તમારા માંથી કોઈ પણ વ્યક્તિ મૃત્યુ ન પામે પરંતુ તેને એ સ્થિતિમાં મૃત્યુ આવે કે તે અલ્લાહથી સારું અનુમાન રાખતો હોય

જાબિર રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓ કહે છે કે મેં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને તેમના મૃત્યુના ત્રણ દિવસ પહેલા કહેતા સાંભળ્યા: «તમારા માંથી કોઈ પણ
વ્યક્તિ મૃત્યુ ન પામે પરંતુ તેને એ સ્થિતિમાં મૃત્યુ આવે કે તે અલ્લાહથી સારું
અનુમાન રાખતો હોય».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મુસલમાનોને ઊભારી રહ્યા છે, તે અલ્લાહથી સારું અનુમાન રાખતા અલ્લાહની કૃપા અને માફીની ઉમ્મીદ હોય તે સ્થિતિમાં મૃત્યુ પામે, જેથી અલ્લાહ તેના પર રહેમ કરશે, તેના ગુનાહોને માફ કરી દેશે, કારણકે અલ્લાહથી ભય રાખવો તે અમલ કરવા માટે અનિવાર્ય છે, અને સ્થિતિ કાર્યોની નથી, પરંતુ અહીં અલ્લાહથી ઉમ્મીદ (આશા) જરૂરી છે.

https://sunnah.global/hadeeth/gu/show/3779